R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 24 DATE: 15-06-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## સૌરાષ્ટ્ર અને કચ્છ પર 'વાયુ' વાવાઝોડું ભારે ખતરનાક બને તેવી શક્યતાઓ સામે સરકારના



અરબી સમુદ્રમાંથી ઉઠેલું 'વાયુ' વાવાઝોડું વધુ ખતરનાક બન્યું છે.વાવાઝોડું વેરાવળ-દીવને બદલે પોરબંદર, દ્વારકા પણ ત્રાટકવાની સંભાવના છે. વાવાઝોડાની ગતિ ૧૫૦થી ૧૭૦ કીં.મી હશે તેવી આગાહી કરવામાં આવી હતી. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદ પડ્યો હતો.ગુજરાત સરકાર સતત સ્થિતિની સમીક્ષા કરી રહી છે. જ્યારે ભારત સરકાર પણ ગુજરાત સરકાર સાથે સતત સંપર્ક જાળવીને માર્ગદર્શન આપી રહી છે. અગમચેતીના પગલે સૌરાષ્ટ-કચ્છની ૪૦ થી વધુ ટ્રેનો રદ કરી દેવાઈ છે.વાવાઝોડાની ગંભીરતાને લક્ષમાં લઈને સરકારે ત્રણેક લાખ લોકોનું સ્થળાંતર કરવા માટેના તાત્કાલિક પગલાં અમલમાં મુક્યા છે.કાંઠા વિસ્તારના ૪૦૮ જેટલા ગામડાઓ વાવાઝોડાની ઝપટમાં આવી શકે છે.પાંચ લાખ જેટલા ફુડ પેક્ટસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.પીવાના પાણીના પાઉચની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.તમામ સરકારી ખાતાઓમાં હાઈ એલર્ટ આપવામાં આવ્યો છે જેથી તાકીદની કોઈપણ પરિસ્થિતિને પહોચી વળવા સરકાર સક્ષમ બને.

## બજેટ ખાધનું લક્ષ્યાંક હાંસલ કરવા માટે મોદી સરકારે આંકડામાં હેરાફેરી કરી

સેન્ટર ફોર મોનટરિંગ ઈન્ડીયન ઈકોનોમી(સીએમઆઈઈ)એ મે મહિનામાં આર્થિક પર્ફોમન્સની સમીક્ષાના આધારે જણાવવામાં આવ્યું છે કે મોદી સરકારે અંદાજપત્રીય ખાધનુ લક્ષ્યાંક બજેટ મેનેજમેન્ટ દ્વારા નહીં પરંતુ આંકડાના ખેલ કરીને હાંસલ કર્યુ છે. સમીક્ષામાં જણાવવામાં આવ્યુ છે કે કેન્દ્ર સરકારે અંદાજપત્રીય ખાધ જીડીપીના ૩.૪ ટકા સુધી સીમીત રાખવાનું લક્ષ્યાંક આંકડાના ખેલ દ્વારા હાંસલ કર્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ભારત સરકારની અંદાજપત્રીય ખાધ ૮.૫ લાખ કરોડ રુપીયા હતી જે માર્ચ ૨૦૧૯માં ૨.૧ લાખ કરોડ સરપ્લસ કરાઈ હતી.સીએમઆઈઈએ જણાવ્યુ હતું કે અર્થતંત્રની સ્થિતિ ખરાબ હોવાના કારણે સરકારના મડીગત ખર્ચ(કેપેક્સ)માં વધારો થવાની કોઈ શક્યતા જણાતી નથી. ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ દર ૭ ટકા રહી શકે છે. પરંતુ મુડીરોકાણની માંગમાં ઘટાડો થશે.ભારત સરકારે મેનેજમેન્ટ દ્વારા નહી પરંતુ આંકડાના ખેલ દ્વારા હાંસલ કર્યુ છે. મોદી સરકારે આંકડાની બાજીગરી દ્વારા લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યાનો દેખાવ કર્યો છે.પરંતુ સ્થિતિ તેનાથી વિપરિત છે. આગામી સમયમાં મોઘવારીમાં વધારો થશે.જોકે ફુગાવાનો દર આરબીઆઈના ૪ ટકાના લક્ષ્યાંક કરતાં ઓછો રહેવાની સંભાવના છે.

૨૦૧૯-૨૦ માટે સીએમઆઈઈની ચેતવણીઓ મુજબ સરકારના મુડીગત ખર્ચમાં વધારો થવાની કોઈ સંભાવના દેખાતી નથી. જીડીપી વૃધ્ધિદર ૨.૭ ટકાની આસપાસ રહેવાની સંભાવના છે. મુડી રોકણની માંગમાં ઘટાડો જોવા મળશે.એફડીઆઈમાં નજીવો વધારો થશે.રિટેલ મોંઘવારીમાં વધારો થશે.નિકાસમાં વધારો થવાની કોઈ સંભાવના નથી.સરકારના ચાલુ ખાતાની ખાધ બે ટકા રહેવાની સંભાવના છે.

## એરફોર્સનું એએન-૩૨ ગુમ થયાના બાદ જાણકારી મળતાં એરફોર્સે તમામના મોતની પુષ્ટી કરી

અરુણાચલના સિંયાંગ જિલ્લામાં ઈન્ડીયન એરફોર્સના દુર્ઘટનાગ્રસ્ત માલવાહક વિમાન એએન-૩૨નો કાળમાળ મળી આવ્યો છે.જેમાં સવાર તમામના મોત નિપજ્યા હોવાની એરફોર્સે પુષ્ટિ કરી છે.દુર્ઘટનામાં માર્યા ગયેલા ૧૩ જવાનોમાં ૬ અધિકારીઓ હતા અને ૭ એરમેન હતા.ગાઢ જંગલોમાં વિમાનની દુર્ઘટના થઈ હોવાનો બચાવદળે દાવો કર્યો હતો. ૩જુને લાપત્તા થયેલા વિમાનનો કાળમાળ બચાવ દળે ભારે જહેમત બાદ શોધી કાઢ્યો હતો.

## ગ્લોબલ પીસ ઇન્ડેક્સ-૨૦૧૯માં ભારત પાંચ ક્રમે નીચે ધકેલાઇ ૧૪૧માં ક્રમે પહોચ્યો



ગ્લોબલ પીસ ઈન્ડેક્સ ૨૦૧૯નો રિપોર્ટ ભારત માટે ચોકાવનારો છે. ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-૨૦૧૯ના તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત પાંચ ક્રમ નીચે ધકેલાઈ ગયું છે. અને છેક ૧૪૧માં ક્રમે પહોચ્યું છે.ગ્લોબલ પીસ ઈન્ડેક્સ -૨૦૧૯માં ૧૬૩ દેશોને સામેલ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી પીસફુલ દેશ તરીકે આર્યલેન્ડ પ્રથમ ક્રમે છે. જ્યારે તાલિબાનોના યુધ્ધનો સામનો કરી રહેલું અફઘાનિસ્તાન સૌથી નીચેના ક્રમે છે. એટલે કે ૧૬૩માં ક્રમે છે. ઓસ્ટ્રેલીયન થિક ટેન્ક ઈન્સ્ટિટ્યુટ ફોર ઈકોનોમિક એન્ડ પીસના રિપોર્ટ અનુસાર દેશમાં શાંતિની રેન્ક નક્કી કરવા માટે ત્રણ માપદંડો નિર્ધારિત કરાયા છે. જેમાં સામાજિક સુરક્ષાનું સ્તર, આંતરિક અને આંતરરાષ્ટ્રીય સરહદ વિવાદ અને મિલિટ્રેએશન સામેલ છે.

સૌથી મહત્વની બાબત એ છે કે આઈસલેન્ડ ૨૦૦૮ થી સૌથી પીસફુલ(શાંતિપુર્ણ) દેશ તરીકે પ્રથમ સ્થાન પર છે. આ ઉપરાંત ટોપના પીસફુલ દેશોમાં ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રીયા, પોર્ટુગલ અને ડેનમાર્ક ને પણ ગ્લોબલ પીસ ઈન્ડેક્સમાં સમાવેશ કરાયો છે. જ્યારે સીરીયાને પાછળ ધકેલીને અફઘાનિસ્તાન વિશ્વનો સૌથી ઓછી શાંતિ ધરાવતો દેશ છે.સાઉથ એશિયામાં આવેલા અને ભારતના પાડેશી ભુતાન શાંતિના મામલે ટોપ-૧૫ દેશોમાં સામેલ છે.ત્યારબાદ શ્રીલંકા ૭૨માં નંબર પર છે. નેપાળ ૭૬માં ક્રમે છે. અને બાંગલાદેશ ૧૦૧માં ક્રમે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિના મામલે ૧૧ આંકનો તફાવત છે. કેમ ભારત ૧૪૨ ક્રમે છે. જ્યારે આતંકવાદીના ગઢ સમાન પાકિસ્તાન ગ્લોબલ પીસ ઈન્ડેક્સમાં ૧૫૩માં ક્રમે છે.

આ રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારત, અમેરિકા,ચીન,સાઉદી અરબ અને રશિયા સૈન્ય ક્ષેત્રે સૌથી વધુ ખર્ચ કરનાર ટોપ ૫ દેશોમાં સ્થાન પામ્યા ચે.જો કે આ રિપોર્ટમાં આશાસ્પદ દાવો એ કરાયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક શાંતિમાં પ્રથમ વખત સુધારો થયો છે.પરંતુ દસ વર્ષ પહેલાની સરખામણીમાં વિશ્વમાં શાંતિ ઓછી છે.



**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ગુજરાત પર આવેલા 'વાયુ' વાવાઝોડાના સંકટમાંથી તંત્રે છુટકારાનો શ્વાસ લીધો છે.જે ગણતરી કરવામાં આવી હતી તેટલો પ્રકોપ વ્યાપ્યો નથી. હા,વાવાઝોડાની અસરો થઈ છે અને જેમને થઈ છે તેમને માટે તે વ્યાપક પ્રમાણમાં છે. તંત્ર સાવધ રહ્યું છે તેના પરિણામે કોઈ જાનહાનિ જેવું બન્યુ નથી તે આશ્વાસન દાયક બાબત છે.

છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમીનો પ્રકોપ કેર વર્તાવી રહ્યો હતો. વાવાઝોડાના કારણે પરિસ્થિતિ બદલાઈ,વરસાદ પડ્યો અને પરિણામે ગરમીમાં રાહત મળી છે.મોસમ વગરનો વરસાદ પણ લોકોને ગમ્યો છે. કારણકે ગરમીમાં ભારે રાહત મળી છે. ગરીબ પરિવારો,મધ્યમવર્ગીઓ જેમને માટે છત એક વિકટ સવાલ છે તેમને ભારે નુકશાન થયું છે. છતો ઉડી ગઈ છે કે કાચા મકાનો તુટી પડ્યા છે અને તેઓ છત્ર વિહિન બન્યા છે.સરકારી તંત્રે વાવાઝોડાની દહેશતે અનેક લોકોને સલામત સ્થળે ખસેડ્યા છે તે બાબત સારી છે. જેથી જાનમાલનું નુકશાન થવાનો સંભવ ઘટી જાય છે.

દર વખતની જેમ સરકારી તંત્ર ઘોરતું દેખાયું નથી. પરંતુ પરિસ્થિતિને અનુકુળ તમામ વ્યવસ્થાઓમાં તેઓ ચોક્કસપણે લાગી ગયા હતા.કુદરતી હોનારતોમાં તંત્ર ની જાગૃતતા જ નાગરિકોને નુકશાનમાંથી બચાવી શકે છે.સરકારી તંત્રો પાસેથી અપેક્ષા રાખી શકાય કે તેઓ નાગરિકોની સલામતી માટે તત્પર રહે.

ગુજરાતના દરિયાકિનારે 'વાયુ' વાવાઝોડું ત્રાટકવાની પહેલી ચેતવણી મળી કે તરતજ ઠેઠ કેન્દ્ર સરકારના સ્તરેથી આ કુદરતી આપત્તિ સામે ગુજરાતની સરકારે સંપુર્ણ અને અભુતપુર્વ સજાગતા રાખવી અને કોઈ કસર ન છોડવી અને જાનમાલની હાલાકી ન્યનતમ થાય તેની સંપુર્ણ ખાત્રી કરવા સમગ્ર રાજ્યના વહીવટીતંત્રને યુધ્ધના ધોરણે કામ કરતું કરી દીધું.રાજ્ય સરકારના વહીવટીતંત્રની અભુતપુર્વ સજાગતા અને તમામ તકેદારીના પગલાં, નિર્ણયો, બેઠકોની રજેરજ વિગતોની બહોળી પ્રસિધ્ધિ આપવા પાછળ એક કારણ દેખાઈ રહ્યું છે. ઓડીશામાં મે મહિનાના પહેલા સપ્તાહમાં વાયુ કરતાં પણ વિશાળ અને વિકરાળ વાવાઝોડું ફની ત્રાટકેલું.ત્યારે તેની વિનાશકતા ખાળવા ઓડીશાના મુખ્યમંત્રી બીજુ પટનાયકે ભરેલા અસરકારક પગાં દેશ વિદેશમાં દાદ મળેલી. જેથી ગુજરાત સરકાર આ બાબતે વધુ અસરકારક રીતે પગલાં ભરી રહી હતી તેનું કારણ સરકારને તેનો જશ મળે.

ફની વાવાઝોડામાં ઓડીશાના મુખ્યમંત્રી બીજુ પટનાયકના નેતૃત્વ હેઠળ વહીવટીતંત્રે સૌથી ઓછું નુકશાન થાય તે માટે લોકોને ખુબ ઝડપથી અને યોગ્ય સ્થળે સ્થળાંતરીત કરી દીધા તથા જરુર પડે ત્યાં બચાવ કામગીરી માટે અસરકારક પ્રમાણમાં બચાવ ટુકડીઓ ગોઠવી દઈ પ્રશંસનીય પરિણામો મેળવ્યા.આ વાવાઝોડાને કારણે ઓડીશાની બીજેડી સરકારને ચારે તરફથી પ્રશંસા અને કીર્તી સાંપડ્યા.આ બાબતની વિદેશોમાં પણ નોંધ લેવાઈ.એનડીએ સરકાર તરફથી શરુઆતમાં ઓડીશા સરકાર તરફ ઉપેક્ષાભર્યું વર્તન દાખવ્યાના આક્ષેપો થયા હતા.વડાપ્રધાને ઓડીશાના વિસ્તારોની મુલાકાત પણ લીધી.ઓડીશામાં બીજેડી સરકાર તરફથી જે પ્રશંસનીયા કામગીરી બતાવાઈ તેવું ગુજરાત સરકાર પણ કરી બતાવે તેવું આયોજન દોર ચાલ્યો તે પરથી દેખાયું.ખેર,ગુજરાત સરકાર ઓડીશાથી વધુ સારી કામગીરી કરી બતાવે તેમાં કોઈ મોટી વાત નથી પરંતુ લોકો માટે સરકાર કામગીરી કરે તે ખુબ અગત્યની વાત છે.કોઈની લીટી નાની કરવા માટે આપણે તેની લીટી ભુસવાને બદલે આપણી લીટી મોટી કરીએ તો તે પ્રયાસ પ્રશંસનીય રહેશે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં સત્તાવાર બે નંબરનું સ્થાન મેળવતા અમિત શાહ : ગૃહપ્રધાન તરીકે તેઓએ શપથ ગ્રહણ કર્યા



૧૭મી લોકસભાની ચુંટણીમાં ભારે બહુમતીથી વિજય હાંસલ કર્યા બાદ નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળતા તેમના નવા સાથીદારોને દેશના વહીવટી તંત્રમાં કામગીરી કરવા માટે નીમ્યા છે.જેમાં ભાજપના અધ્યક્ષ અને ચુંટણીમાં માત્ર બે જ ચેહરાઓથી જીત મેળવનારાઓ પૈકી અમિતભાઈ શાહ મુખ્ય હતા.તેમને નરેનદ્ર મોદીએ દેશનું મહત્વનું ખાતુ ગૃહખાતું સોપ્યું છે.આ પહેલા ગૃહખાતું રાજનાથસિંહ સંભાળતા હતા તેમને સંરક્ષણ મંત્રાલયનો હવાલો સોપવામાં આવ્યો છે.જેમને ગૃહમંત્રાલયનો હવાલો સોપાય તેને વડાપ્રધાન પછીનું બીજુ સ્થાન માનવામાં આવે છે.

અમિતભાઈ શાહ માટે હવે કેટલાક પ્રશ્નો છે તેને સુલટાવવાના છે.જેમાં કાશ્મીરમાં શાંતિપુર્ણ ચુંટણી,કલમ ૩૭ ૦ અને કલમ ૩૫એ રદ કરવા અંગેના નિર્ણયો લેવાના છે.તેમના પાસે અન્ય મહત્વના પડકારો છે તેમને પહોચી વળવા માટે કામગીરી કરવાની છે.કાશ્મીર,પુર્વોત્તરથી આતંકવાદ્ને દેશમા નકસલવાદમાંથી માર્ગ કાઢીને શાંતિ સ્થાપવાની છે.એનઆરસીનો અમલ કરીને ભારતીય નાગરિકોને સત્તાવાર નાગરિકતા આપવાની છે. છત્તીસગઢ,ઓડિશા,બિહારઅને ઝારખંડના નકસલવાદને નાથવાનો છે જેના કારણે આપણા દેશના અનેક જવાનો હોમાઈ ગયા છે.ભાજપનો એજન્ડાનો મહત્વપુર્ણ અમલ કરવાનો છે.નવી સરકારને માટે અનેક પ્રશ્નો સામે ઝઝુમવાનું છે.

## એનડીએના સાથી પક્ષ અપનાદળના નેતા સરકારમાં સામેલ ન થયા

એનડીએના સાથી પક્ષ અપના દળના નેતા અનુપ્રિયા પટેલ મોદી સરકારના મંત્રીમંડળમાં જોડાવાનો ઈન્કાર કરી દીધો હતો કેમકે તેમને માત્ર રાજ્ય કક્ષાના મંત્રીપદની ઓફર કરાઈ હતી.અપનાદળ(એસ)ના પ્રમુખ રમાકાંત પટેલે કહ્યુ હતું કે અમે આશા રાખતા હતા કે અનુપ્રિયા પટેલ ગત વખતે રાજ્યકક્ષાના મંત્રી હતા તેથી આ વખતે તેઓને કેબિનેટનો દરજ્જો મળશે કે સ્વતંત્ર હવાલો સોપવામાં આવશે.પરંતુ એવું થયું નથી.અપના દળ તરફથી જણાવાયુ હતું કે જણાવાયુ હતું કે વડાપ્રધાનને પોતાના મંત્રીમંડળની પસંદગીનો અધિકાર છે.અને અમારી પાર્ટી એનડીઓનો હિસ્સો છે અને રહેશે.આ પહેલા એનડીએના સાથી જેડીયુએ પણ આજ મામલે મંત્રીમંડળમાં સામેલ થવાનો ઈન્કાર કર્યો હતો.

## કેન્દ્રની સરકારમાં સામેલ થવાના મુદ્દે નીતિશ-જેડીયુની નારાજગી



મોદી સરકારમાં મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા ત્યારે તેમના સહયોગી જેડીયુમાંથી કોઈપણ મંત્રી તરીકે શપથ લેવા આવ્યા નહોતા.હકીકતે જેડીયુને એક કેબિનેટ પદની ઓફર કરી હતી.પરંતુ તેનાથી જેડીયુ સંતુષ્ટ નહોતું.તેથી તેમણે સરકારમાં સામેલ થવાનો નનૈયો ભણ્યો હતો.મીડીયા સાથે વાત કરતાં નીતિશકુમારે કહ્યુ હતું કે ભાજપની દરખાસ્ત અમોને મંજુર નહોતી.તેમણે કહ્યુ હતું કે સરકારમાં પ્રતિકાત્મક ભાગીદારીની જરુર નથી અને કદાય ભાગીદારી હોય તો બેઠકના પ્રમાણમાં હોવી જોઈએ.તેમણે કહ્યુ હતું કે તેમના પક્ષેકોઈ પ્રધાનપદની માંગણી કરી નહોતી.શપથવિધીમાં ભાગ લીધા પછી પાછા વળ્યા બાદ તેમણે કહ્યુ હતું કે હવે સરકારમાં જોડાવાનો કોઈ પ્રશ્ન જ નથી.

જો કે હજુ પ્રધાન મંડળનું વિસ્તરણ બનશે ત્યારે કેટલાક રહી ગયેલા ચહેરાઓને પ્રાધાન્ય અપાશે તેવું કહેવાઈ રહ્યું છે.ગત વખતના મોદી સરકારમા રહેલા ઘણા પ્રધાનોની તો સમુળગી બાદબાકી જ કરી દેવાઈ છે. કેટલાક નવા ચહેરાઓ છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# મોદી સરકારની કેબિનેટમાં દેશના પહેલા મહિલા નાણાંમંત્રી નિર્મલા સીતારામન

મોદી સરકારની કેબિનેટમાં સ્થાન પામનારા નિર્મલા સીતારામનને નાણાં મંત્રાલયનો હવાલો સોપવામાં આવ્યો છે. તેઓ દેશના પ્રથમ નાણાં મંત્રી બન્યા છે. આ પહેલા તેઓ મોદી સરકારમાં દેશના પ્રથમ મહિલા સંરક્ષણ મંત્રી બન્યા હતા.તેમને નાણાં મંત્રાલયનો હવાલો સોપતાં લોકોને આશ્ચર્ય થયું હતું. તેઓ કોર્પોરેટ એફેર્સ મંત્રાલયનો હવાલો પણ સંભાળશે. તેઓ પાચ વર્ષ સુધી પુરેપુરા સમય માટે નાણાં ખાતું સંભાળશે.મોદીના પહેલા કાર્યકાળમાં તેઓ દેશના પ્રથમ મહિલા સંરક્ષણ પ્રધાન હતા. હવે તેઓ દેશના પ્રથમ મહિલા નાણાંમંત્રી બનતા તેમના નામે આ બંને રેકોર્ડ નોધાયા છે.તેમને નાણા ખાતું સોપવામાં આવતાં દેશના વેપાર ઉદ્યોગ અને બજારોમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું. જો કે દેશના કોર્પોરેટ સેકટરની માન્યતાની વિરુધ્ધમાં આ બન્યું હતુ. લોકોની અપેક્ષા હતી કે કદાચ ગોયેલ કે પ્રભુને આ ખાતાનો હવાલો સોપાશે.

ભુતકાળમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ ૧૯૭૦-૭૧માં થોડો સમય માટે સંરક્ષણ અને નાણાં મંત્રાલય સંભાળ્યુ હતું.

નિર્મલા સીતારામન ૨૦૦૮માં ભાજપમાં જોડાયા હતા.અને બે વર્ષમાં પક્ષના પ્રવકતા બન્યા હતા.૨૬મે,૨૦૧૪માં તેમને મોદી સરકારમાં રાજયકક્ષાના પ્રધાન બનાવાયા હતા. એ ૩ ડિસેમ્બર ૨૦૧૭માં તેમને સંરક્ષણ મંત્રાલય સોપવામાં આવ્યું હતું.

નાણાં મંત્રી તરીકે નિર્મલા સીતારામનની સામે અનેક પડકારો ઉભા છે.જેનો તેમણે સામનો કરવાનો છે. દેશની પ્રાથમિક સમસ્યા મોઘવારીની છે અને દેશની જનતા નાણાંમંત્રી પાસેથી મોઘવારીમાં રાહત મળે તે માટેની કામગીરી કરવા માટેની છે. ઉત્પાદન ક્ષેત્રે લક્ષ આપીને તેને વધુ ઝડપી બનાવી રોજગારીની તકો ઉભી કરવાનો અથાગ પ્રયત્ન કરવાનો છે. દેશનું યુવાધન બેરોજગાર છે અને તેમને રોજગારી પુરી પાડવા માટે ભારે મહેનત કરવાની છે અને દેશના યુવા મતદારોએ રાખેલ અપેક્ષા પુરી કરવાની છે.રોજગારીના નવા સંસાધનો ઉભા કરવા નાણાં મંત્રાલય



તરફથી અગ્રેસર કદમ ઉઠાવવાના છે.જીએસટીના માળખાને લીધે દેશના વેપારી અને ઉદ્યોગકારોને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.જેને સુધારીને સરખુ કરીને આર્થિક તંત્રને બેઠુ કરવાનું છે.પાંચ બેન્કોનું મર્જરનું કામ બાકી છે અને તે કરીને બેન્કોની સ્થિતિ મજબુત બને તે દિશામાં આગળ વધવાનું છે. દેશની મોટી બેન્કોની સ્થિતિ નબળી છે.ફુગાવો વધ્યો છે તેને નાથવાનો છે.ભાવ ઘટાડવા માટે અન્ય કેટલાંક પગલાં લેવા આવશ્યક છે. તે લેવા પડશે.રેલ્વે,રસ્તા,બંદરો અને પોર્ટ ક્ષેત્રના વિકાસ માટે સરકારની આવકમાં વધારો કરવો પડશે પરંતુ પ્રજાને લુંટીને નહી.

# પુર્વ વિદેશ સચિવમાંથી વિદેશ પ્રધાન બનનાર પહેલા જયશંકર



વડાપ્રધાન મોદીની સરકારમાં વિદેશ પ્રધાન તરીકે જયશંકરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ પુર્વ વિદેશ સચિવ તરીકે અગાઉ કામ કરતા હતા. સુષમા સ્વરાજ અગાઉ વિદેશ મંત્રાલય સંભાળતા હતા. તેઓએ પોતાની નાદુરસ્ત તબીયતને કારણે ચુંટણી લડ્યા નહોતા. અને કેબિનેટમાં રહેવા પણ અનિચ્છા દર્શાવી હતી.મોદીએ નવી સરકારમાં કેટલાક નિષ્ણાતોને સ્થાન આપવાનું મન મનાવ્યુ હતું તેમ મનાય છે. જયશંકર અમેરિકા,ચીન, અને રશિયાની વિદેશ નીતીના નિષ્ણાંત છે. ચીન સાથેના ડોકા લા વિવાદ તેમજ અમેરિકાની સાથે નાગરિક પરમાણુ કરાર અને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો પક્ષ રાખવાની તેમણે મહત્વની ભુમિકા ભજવી હતી.વિદેશ સચિવ તરીકે પદેથી નિવૃત થયા ના ૧૬ મહિના બાદ તેમને વિદેશ પ્રધાની જવાબદારી સોપાઈ છે.આ વર્ષે તેમને પધ્મશ્રીનો એવોર્ડ અપાયો હતો.તેમની વિદેશ સચિવ દરમિયાનની કામગીરીમાં તેમણે ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીમાં દેશની વિદેશ નીતિ ઘડવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યુ હતું.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# જીડીપી દર પાંચ વર્ષના તળીયે,બેરોજગારીનો દર ૪૫ વર્ષના ટોચે

વર્ષ ૨૦૧૮-૧૯નો જીડીપી વૃધ્ધિ દર ૬.૮ ટકા,બેરોજગારી દર ૬.૧ટકા . જીડીપી વૃધ્ધિદર ૫.૮ ટકા થયો, આઈઆઈપી વૃધ્ધિ ઘટીને ૦.૧ ટકા થયો. સરકાર રચાયાના બીજા જ દિવસે આર્થિક મોરચે માઠા સમાચાર આવ્યા છે. ૨૦૧૮-૧૯ના જાન્યુઆરી -માર્ચના ત્રિમાસિક ગાળામાં દેશનો જીડીપી વૃધ્ધિ દર ઘટીને ૫.૮ ટકા પર પહોચ્યો હતો.દેશના કૃષિ,ઉદ્યોગ અને ઉત્પાદનક્ષેત્રે છેલ્લા નવ મહિનામાં ઘટાડાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.૨૦૧૮-૧૯ના સંપુર્ણ વર્ષ માટે આર્થિક વૃધ્ધિ દર ૬.૮ ટકા હતો જે અગાઉના નાણાકીય વર્ષના ૭.૨ ટકા કરતાં ઓછો હતો.એમ સેન્ટ્લ સ્ટેટેટિક્સ ઓફિસ દ્વારા જારી કરાયેલા આંકડાઓમાં દર્શાવાયું હતું. આ સાથે જ જીડીપી દર પાંચ વર્ષના તળીયે પહોચી ગયો છે. બીજી તરફ બેરોજગારીના મુદ્દે પણ સરકારને મોટો ફટકો પડ્યો છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા આંકડા પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯નો બરોજગારી દર ૬.૧ ટકા થયો છે. આ દર ૪૫ વર્ષની ટોચે છે.ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ સરકારે આ આંકડા ફગાવી દીધા હતા. અને હવે તેનો સ્વીકાર કરી લીધો છે.

માર્ચના ત્રિમાસિક ગાળા માટે ૬.૫ ટકાના વૃધ્ધિ દરના અંદાજ અને ૨૦૧૯ના નાણાંકીય વર્ષ માટે ૭.૧ ટકાના અંદાજ કરતાં જારી કરાયેલા આંકડામાં પ્રમાણમાં ઘણો તફાવત જોવા મળે છે. ૨૦૧૮-૧૯ના વર્ષ માટે દેશની રાજકોશીય ખાદ્ય જીડીપીના ૩.૪ ટકા(૬.૪૫ ટ્રીલીયન) હતી જે વચગાળાના બજેટના અંદાજની આસપાસ હતી તે ઉપરાંત ખર્ચ રુ.૨૩.૧ ટ્રીલયન હતો જેની સામે સુધારિત અંદાજ રુ. ૨૪.૧ ટ્રીલીયનનો મુકાયો હતો.

૨૦૧૯ના એપ્રિલ દરમિયાન આઠ મહત્વના માળકાકીય ઉદ્યોગોમાં વૃધ્ધિ દર ૨.૬ ટકા જોવાયો હતો. જે માર્ચમાં ૪.૯ ટકા હતો. ૨૦૧૮-૧૯ના એપ્રિલ-જુન અને જુલાઈ-સપ્ટે.ના ત્રિમાસિક ગાળામાં જીડીપીના આંકડામાં સુધારો કરીને અનુક્રમે ૮ ટકા અને ૭ ટકા કરવ ામાં આવ્યા હતા. ઔદ્યોગિક ઉત્પાદન દર ફેબ્રુઆરીમાં ઘટીને ૦.૧ ટકા થવા સાથે ૨૦ મહિનાને તળીયે પહોચી હતી. ઉત્પાદનક્ષેત્રે ઘટાડાને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને નોન કન્ઝ્યુમરર્સ ડ્યુરેબલ્સમાં અનુક્રમે ૧,૨ ટકા અને ૪ ટકા વૃધ્ધિ અનુભવાઈ હતી.માર્ચ મહિનામાં રિટેલ ફુગાવો સહેજ વધીને ૨.૮૬ ટકા થયો હતો. જે ફેબ્રુઆરીમાં ૨.૫૭ ટકા હતો.વર્તમાન વર્ષે ફેબ્રુઆરીમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત રિટેલ ફુગાવો ૨.૫૭ ટકા હતો જે ગયા વર્ષે માર્ચમાં ૪.૨૮ ટકા હતો.ખાદ્ય ચીજવસ્તુઓનો એકંદરે ફુગાવો માર્ચમાં વધીને ૦.૩ ટકા થયો જે ફેબ્રુઆરીમાં ૦.૬૬ ટકા ઘટ્યો હતો.જાણકારોના મતે ત્રિમાસિક જીડીપી મુદ્દે ભારત હવે વિશ્વની સૌથી ઝડપી અર્થવ્યવસ્થા રહ્યો નથી. ચીને તેને પછાડીને આ સ્થાન મેળવી લીધું છે.

---

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ધીરજના ફળ મીઠા કે માઠા ?

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઇ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાક્યમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્વિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઇપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઇ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઇ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઇ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઇ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઇ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જ્યારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઇએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઇ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઇપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઇ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાચી અને સફળ પુરવાર થઇ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યુ છે કે લગ્ન લાંબા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છે કારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઇલી મેઇલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઇલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઇજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઇ જવાથી રોગનો સમયસર યોગ્ય ઇલાજ થઇ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઇ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઇમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯),પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮),બેરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે.

સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ

()સૌ.સંદેશ)

# મુસ્લીમ લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાની દિશામાં મોદી સરકારનો મહત્વનો નિર્ણય

મોદી સરકારે તેના બીજા કાર્યકાળમાં લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાની દિશામાં મોટો નિર્ણય કર્યો છે.કેન્દ્રીય લઘુમતી કાયમંત્રી મુખ્તાર નકવીએ એવી જાહેરાત કરી હતી કે પાંચ વર્ષમાં પાંચ કરોડ મુસ્લીમ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની કેન્દ્રની યોજના છે.જુનથી મદરેસાના શિક્ષકોને ટ્રેનિંગ આપવાનું ચાલુ થઇ જશે.દેશભરના મદરેસામાં મુખ્યધારાના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે મદરેસા શિક્ષકોને જુદી જુદી સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવશે. તેમણે કહ્યુ હતું કે પઢો અને બઢો અભિયાન હેઠળ તમામ દુરના ક્ષેત્રોમાં માતા-પિતાને તેમના બાળકોને મદરેસામાં મોકલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વવાળી ઇન્સાફ, ઇમાન અને ઇકબાલની સરકારે વિકાસની તંદુરસ્તીને સાંપ્રદાયિતા તથા તુષ્ટિકરણની બિમારીથી મુક્તિ આપીને સેહતમંદ,સમાવેશી સશક્તિકરણનો માહોલ તૈયાર કર્યો છે.ડ્રોપ આઉટ છોકરીઓને બ્રિજ કોર્સ કરાવીને શિક્ષણ અને રોજગારી સાથે જોડવાનો પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે.

અખિલ ભારતીય સંત સમિતિએ અલ્પસંખ્યકને નામે અપાતી આ સ્કોલરશીપનો વિરોધ કર્યો છે. સંત સમાજનું કહેવું છે કે દેશના ૮ એવા રાજ્યો છે જ્યાં હિંદુ લઘુમતીઓમાં આવે છે.તેમની લઘુમતી વાળા અધિકારો મળશે. સંત સમાજે કેન્દ્ર સરકારને પત્ર લખીને લઘુમતીની વ્યાખ્યા નક્કી કરવાનું જણાવ્યુ છે. ઇદના પ્રસંગે ૫ કરોડ મુસ્લીમ વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ જાહેર કરવામાં આવી હતી.

જો સરકારે સ્પષ્ટતા કરવી પડે કે તેઓ માત્ર મુસ્લીમ વિદ્યાર્થીઓને જ સ્કોલરશીપ આપીને આગળ વધારવા માંગે છે.લઘુમતીની વ્યાખ્યામાં અનેક લઘુમતીઓનો સમાવેશ થાય છે. જેમાં જૈન,શીખ, પારસી, ખ્રિસ્તી,બૌધ્ધ વિગરેનો સમાવેશ થાય છે પરંતુ તેમના માટે કોઇ જાહેરાત કરવામાં આવી નથી.

વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.